# કાંદિવલીના સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલયે માતૃભાષા મિશન શરૂ કરીને કેવાં પરિવર્તન હાથ ધર્યાં છે?

## ઉત્તમ ગુજરાતી સાથે ઉત્તમ અંગ્રેજીનું શિક્ષણ અને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનો સમાવેશ કરનારી આ સ્કૂલનો મંત્ર છે - માને મૂકીને મીંદડીને ધાવવાની ન હોય









ગુજરાતી ભાષા લુપ્ત થવાની અણી પર છે એવી વાતો અવારનવાર કાને પડતી હોય છે, પણ આ માન્યતા ખોટી છે. હા, એને ટકાવી રાખવાની તેમ જ વિકસાવવાની જવાબદારી આવી પડી છે એ વાતને નકારી ન શકાય. જોકે એ માટે ગુજરાતી ભાષાપ્રેમીઓ કટિબદ્ધ છે. ચોક્કસ સંસ્થાઓ દ્વારા કે વ્યક્તિગત ધોરણે ચાલતા 'માતૃભાષા મિશન'ના ભગીરથ પ્રયત્નો ખરેખર બિરદાવવા જેવા છે.

ધ કાંદિવલી એજ્યુકેશન સોસાયટી (KES)નું નામ શિક્ષણક્ષેત્રે હંમેશાં મોખરે રહ્યું છે. આ સંસ્થાના સંચાલન હેઠળ ચાલતું સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલય, અહીંના ટ્રસ્ટીગણ, મૅનેજમેન્ટ તેમ જ શિક્ષકો માતૃભાષા સંવર્ધન માટે કાયમ પ્રયત્નશીલ રહ્યા છે અને તાજેતરમાં એને નવા સ્વરૂપે વેગ અને આકાર આપવામાં આવી રહ્યો છે. એને માટે એક એવું સ્લોગન પણ તૈયાર થયું છે : મારી શાળા બદલાઈ રહી છે!

### આજના બાળકની પરિસ્થિતિ ત્રિશંકુ જેવી

KESના ટ્રસ્ટી અને વાઇસ પ્રેસિડન્ટ મહેશ શાહ કહે છે, 'માતૃભાષાને છોડીને પારકી ભાષામાં સંતાનને શિક્ષણ અપાવવાની માતા-પિતાની તીવ્ર ઝંખનાને લીધે આજના બાળકની હાલત ત્રિશંકુ જેવી થતી જાય છે. ઘરમાં બોલચાલની ભાષા અને શાળામાં અંગ્રેજી ભાષાના બે હિસ્સામાં બાળક વહેંચાઈ જતું હોય છે. છેલ્લાં ૪૦-૫૦ વર્ષથી અંગ્રેજી માધ્યમનું મહત્ત્વ વધ્યું છે. જોકે અમારી શાળાના ગુજરાતી માધ્યમમાં ભણી ચૂકેલી પેઢીનો ગ્રાફ જોશો તો એણે કારકિર્દીમાં કે સફળતાની દૃષ્ટિએ જીવનમાં સર્વાંગી વિકાસ સાધ્યો જ છે.'



KESના ટ્રસ્ટી અને વાઇસ પ્રેસિડન્ટ મહેશ શાહ



ચીફ ઍડ્મિનિસ્ટ્રેટિવ ઑફિસર સંગીતા શ્રીવાસ્તવ

શાળાના માહોલમાં ભાષાના તફાવત સિવાય બીજો કોઈ તફાવત નહીં અને અંગ્રેજી માધ્યમ કરતાં પણ સવિશેષ પ્રવૃત્તિઓનો સમાવેશ અહીં થાય છે એવું જણાવતાં ચીફ ઍડ્મિનિસ્ટ્રેટિવ ઑફિસર સંગીતા શ્રીવાસ્તવ કહે છે, 'અમારે ત્યાં ગુજરાતી અને અંગ્રેજી બન્ને માધ્યમ એઇડેડ એટલે કે ફ્રી (નહીંવત્ ફી) એજ્યુકેશન આપનારાં છે. એટલે મોટા ભાગનાં માતાપિતાની અદમ્ય ઇચ્છા તેમનું બાળક અંગ્રેજી માધ્યમમાં ભણે એવી હોય છે. જોકે અમારા મૅનેજમેન્ટે ભગીરથ અને સફળ પ્રયાસો સાથે એક એવો માહોલ તૈયાર કર્યો છે જ્યાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં ભાષાનો તફાવત છોડીને બીજો કોઈ તફાવત ન રહે. ગુજરાતી બાળકો તેમની માતૃભાષામાં વાંચે, વિચારે અને લખે છે એનું રિઝલ્ટ અમને વધુ પૉઝિટિવ મળ્યું છે. દિનકરભાઈ જોષી જેવા સાહિત્યકારે પણ અમારા આ અભિયાનમાં ખૂબ સાથ આપ્યો છે. અહીં ગુજરાતી માધ્યમ માટે ડ્રામા, સિન્ગિંગ, કરાટે, સ્પોર્ટ્સ, ડાન્સ, કમ્પ્યુટર એજ્યુકેશન જેવી ઇત્તર પ્રવૃત્તિઓ

### માતૃભાષામાં શિક્ષણ શા માટે જરૂરી?

તમારા બાળકને ગુજરાતી માધ્યમમાં મૂકવું શા માટે જરૂરી છે? ભાષાને બચાવવા? સાહિત્યને બચાવવા? કે ગુજરાતી અસ્મિતાને બચાવવા? ના, બાળકનું બાળપણ સાચવવા તેમ જ તેજસ્વિતાને વધુ ખીલવવા માતૃભાષામાં શિક્ષણ જરૂરી છે.

# કાંદિવલીના સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલયે માતૃભાષા મિશન શરૂ કરીને કેવાં પરિવર્તન હાથ ધર્યાં છે?

સહિત અંગ્રેજી માધ્યમ કરતાં પણ સવિશેષ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એની સાથે ગુજરાતી માધ્યમનાં બાળકોનું અંગ્રેજી કાચું ન રહે એ માટે છેલ્લાં બે વર્ષથી ખાસ ઊંત્રસ્થી જ ફોનેટિક્સ ટેક્નિક સાથે અંગ્રેજી શીખવવામાં આવે છે. આ ભગીરથ પ્રયત્નોમાં શાળાએ આવનારાં બાળકોને યુનિફૉર્મ, સ્કૂલ બૅગ, વૉટર બૉટલ, ટિફિન જેવી મૂળભૂત વસ્તુઓ પણ મૅનેજમેન્ટ તરફથી આપવામાં આવે છે.' છે.'

## તમામ વાલીઓએ પહેલ કરવાની જરૂર

જોકે કરુણતા એ છે કે ફી એજ્યુકેશનનો અર્થ ઘણી વાર એવો થઈ જાય છે કે જાણે પાછલા કે પછાત-ગરીબ વર્ગના લોકો માટે જ આ ભણતર છે અથવા તો જેની પહેલી જનરેશન માંડ હજુ શાળામાં જઈને ભણવાની શરૂઆત કરી રહી છે એવી માન્યતા લોકોના મનમાં ઘર કરી ગયેલી હોય છે એવો અફસોસ વ્યક્ત કરતાં સંગીતાબહેન કહે છે, 'એટલે આમાં પડકારોનો ખૂબ સામનો કરવો પડે છે. માતૃભાષામાં ભણતર એ ફક્ત આર્થિક રીતે પછાત લોકો માટે જ નથી. બસ માત્ર પહેલ કરવાની જરૂર છે. માતૃભાષામાં શીખનારા બાળકની સમજણશક્તિ, કલ્પનાશક્તિ, તર્કશક્તિ અને ગ્રહણશક્તિ વધુ સારી રીતે ખીલી શકે છે. એટલે બાળકનું પાયાનું શિક્ષણ માતૃભાષામાં થવું જરૂરી છે. આ પાયાની માનસિકતા કેળવવાની જરૂર છે.'

## ગુજરાતી ભણવામાં વાંધો શું છે? હું પણ ગુજરાતી માધ્યમમાં જ ભણ્યો છું

ગુજરાતી સાહિત્યના દિગ્ગજ લેખક દિનકર જોષી કહે છે,



ગુજરાતી સાહિત્યના દિગ્ગજ લેખક દિનકર જોષી



૧થી ૪ ધોરણના પ્રાઇમરી સેક્શનનાં પ્રિન્સિપાલ કવિતા મારુ



ગુજરાતી KG વિભાગનાં પ્રિન્સિપાલ મનીષા ભટનાગર



સહાયક શિક્ષિકા દીપ્તિ રાઠોડ

'અંગ્રેજી ભાષા અને સાહિત્ય સુંદર છે એની ના નથી, પણ ગુજરાતીમાં ભણવામાં વાંધો શું છે? હુંય ગુજરાતી માધ્યમમાં જ ભણ્યો છું અને આ જ સ્કૂલમાં ભણ્યો છું. હા, ત્યારે આ શાળાનું નામ કાંદિવલી વિદ્યાલય હતું.'

દિનકરભાઈ થોડાં વર્ષો પહેલાંની વાતો વાગોળતાં કહે છે, 'એ દરમ્યાન હું દર વર્ષે અનેક વાલીઓને મળતો. પારકાનાં કામ કરીને રળનારા અને પેટે પાટા બાંધીને બાળકોને ભણાવનારા મોટા ભાગના વાલીઓ બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની જીદ કરતા. ઉપલો કે નીચલો - વર્ગ કોઈ પણ હોય, આ માનસિકતા જ ખોટી છે. માતૃભાષા તો માતાનું ધાવણ છે અને બાળકને માનું દૂધ જ વધુ વિકસાવે છે- મજબૂત બનાવે છે. આ તો માને છોડીને મીંદડીને ધાવવાની વાત થઈ. આમાં ભાષાને કોઈ મંદવાડ નથી. ભાષિકોને મંદવાડ છે. મંદવાડ આપણી માનસિકતાનો છે. આપણે માંદા પડેલા છીએ, એટલે જ કદાચ આપણે આપણા સંતાનને બાટલીનું દૂધ પીવડાવી રહ્યા છીએ.'

## સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલયની ગતિવિધિ

અંગ્રેજો આપણે ત્યાં રાજ કરતા હતા ત્યારે છેક ૧૯૩૬માં KES દ્વારા આ શાળાનો પાયો નખાયો હતો. અત્યાર સુધીમાં ગુજરાતી સહિત અંગ્રેજી માધ્યમનો વિભાગ વિસ્તરવાની સાથે આ શાળાનો ગ્રાફ સતત વધતો રહ્યો છે. અત્યારે શાળાના ગુજરાતી KG વિભાગનાં પ્રિન્સિપાલ મનીષા ભટનાગર છે તેમ જ ૧થી ૪ ધોરણના પ્રાઇમરી સેક્શનનાં પ્રિન્સિપાલ કવિતા મારુ છે.

મનીષાબહેન અને કવિતાબહેન કહે છે, 'AC, સ્માર્ટ ટીવી સહિત અમારા ક્લાસરૂમ મૉડર્નાઇઝેશન ટચ સાથે તૈયાર થયા છે. બાળકના અભ્યાસક્રમ માટેનું ઈ-કન્ટેન્ટ, PPT અહીંના ટીચર્સ ખુદ તૈયાર કરે છે. દરેક બાળકની શીખવાની અને ગ્રહણ કરવાની શક્તિ અલગ હોય છે એટલે એક જ કન્સેપ્ટ અમે ડ્રામા, ઑડિયો-વિઝ્યુઅલ, રમતાં-રમતાં એમ જુદાં-જુદાં ચાર-પાંચ માધ્યમથી શીખવીએ છીએ. આખા વર્ષ દરમ્યાન થતી પેરન્ટ્સ વર્કશૉપ સહિત ઓપન હાઉસમાં દરેક બાળકના પ્રોગ્રેસ અને વીકનેસ બાબતે તેના પેરન્ટ્સ સાથે ખૂલીને ચર્ચા થાય છે. પહેલા ધોરણથી અમે પુસ્તકને બદલે વર્કશીટ સિસ્ટમ પણ ઇન્ટ્રોડ્યુસ કરી છે. બાળકની રોજેરોજની વર્કશીટની એક ફાઇલ મેઇનટેઇન થાય છે. રીડિંગ, રાઇટિંગ, અવેરનેસ સ્કિલ વધારવાના પ્રયાસ સાથે શિસ્ત અને વૅલ્યુબેઝ્ડ એજ્યુકેશન માટે અહીંનાં મૅનેજમેન્ટ, સ્ટાફ, ટીચર્સ સતત પ્રયત્નશીલ છે. સરકારી હેલ્થ ચેકઅપ ઉપરાંત અહીં મૅનેજમેન્ટ દ્વારા ખાસ હેલ્થ ચેકઅપ કૅમ્પ રાખવામાં આવે છે અને બાળકોનો હેલ્થ રેકૉર્ડ રખાય છે. બૅન્ક, મૉલ વગેરેની ગતિવિધિઓ સમજવા માટે ખાસ અલાયદો ઍક્ટિવિટી રૂમ ફાળવેલો છે જ્યાં બાળક પ્રૅક્ટિકલ નૉલેજ મેળવે છે. KGથી જ બાળકોને કમ્પ્યુટરનું નૉલેજ મળી શકે એ માટે અહીંની ખાસ તૈયાર કરેલી બે કમ્પ્યુટર લૅબમાં દોઢસો જેટલા કમ્પ્યુટર્સ છે. નજીકના ભવિષ્યમાં અમે ફીલ્ડ ટ્રિપનો કન્સેપ્ટ પણ ઇન્ટ્રોડ્યુસ કરવાના છીએ.'

અમારા સરદાર વલ્લભભાઈ પટેલ વિવિધલક્ષી વિદ્યાલયમાં માતૃભાષામાં ઉત્તમ શિક્ષણ ઉપરાંત આધુનિક સાધનોનો ઉપયોગ કરીને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાના પ્રયત્ન થઈ રહ્યા છે એમ જણાવતાં સહાયક શિક્ષિકા દીપ્તિ રાઠોડ કહે છે, 'અમારા ગુજરાતી માધ્યમનાં બાળકોમાં ઘણી જ કુશળતા છે, એ કુશળતાને ઉજાગર કરવામાં આવે તો એ પૂર્ણપણે ખીલી ઊઠે છે. આજે સમાજના દરેક ક્ષેત્રમાં આત્મવિશ્વાસપૂર્વક અમારી શાળાનાં બાળકો કાર્યરત છે, તેઓ બીબાઢાળ જોવા મળતાં નથી. એ કંઈક અનોખું કરવાવાળા છે. આ કાર્યમાં અમારું મૅનેજમેન્ટ અને શિક્ષક વર્ગ પણ સતત સક્રિય અને ઉત્સાહી રહે છે.'

## માતૃભાષા, સંસ્કૃતિ અને મૂળિયાંનું જતન અને ગ્લોબલ એક્સપોઝર

મહેશભાઈ કહે છે, 'પ્રત્યેક બાળકનો માતૃભાષા પ્રત્યેનો સંપર્ક તાજો રહેવો જરૂરી છે. હવે તો સરકાર પણ એવો કાયદો લાવી રહી છે કે પાયાનું શિક્ષણ માતૃભાષામાં જ થવું જોઈએ. જોકે બાળકને ગુજરાતી માધ્યમમાં ભણાવવાનો અર્થ એ નથી કે તેનું અંગ્રેજી કાચું રહે. અમારા પ્લાનિંગ મુજબ અમારી શાળાના આવનારા વર્ષમાં અમે ગુજરાતી માધ્યમના પાંચમા ધોરણથી ગણિત અને વિજ્ઞાનના વિષયને અંગ્રેજીમાં આવરી લેવાના છીએ. બાળક પોતાની માતૃભાષા, સંસ્કૃતિ અને મૂળિયાં સાથે જોડાયેલું રહે; અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવે અને સાથે આધુનિકીકરણની હરીફાઈમાં પણ કાચો ન ઊતરે એ પ્રકારનું ટકોરાબદ્ધ ઘડતર આપવાની દિશામાં અમે સતત પ્રયત્નશીલ છીએ, જેને લીધે બાળક બહારની દુનિયામાં પ્રવેશે ત્યારે ગ્લોબલ એક્સપોઝર સાથે લયબદ્ધ તાલમેલ મેળવી શકે.'